






અંબા આવો તો રમીયે.. - મા આદ્યશક્તિની આરધનના પાવન પર્વ નવરાત્રી અંતિમ ચરણમાં છે ત્યારે ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રી મહોત્સવમાં યુવાધન હિલોળે ચડ્યું હતું... ખેલૈયાઓ મન મૂકીને ગરબા-રાસ રમ્યા હતા. નવરાત્રીના સાતમાં નોરતે પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને મન મૂકીને ગરબા માણ્યા હતા....

# સાર્થકતાની સિદ્ધિ માટે અહિંસક પુરુષાર્થ કરો : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૧૭

પર્વત ચઢતા મહેનત થાય છે પણ ઉતરતા નહિં, સાર્થકતાની સિદ્ધિ મેળવવા પુરુષાર્થ કરવું પડે પણ નિર્થકતા માટે નહિં, ગીત ગાવા માટે અભ્યાસ કરવો પડે પણ ગાળ આપવા માટે નહિં. એટલે દુગુણો તો પ્રકટ થઈ જાય છે પણ સદગુણો વિકસાવામાં ઘણો પરિશ્રમ થાય છે. સાર્થકતાની સિદ્ધિમાં પણ પુરુષાર્થ કરવું પડે પણ વ્યર્થની નિરર્થક પ્રવૃત્તિઓ માટે કંઈ કરવું પડતું નથી. આચાર્ય સુનીલ સાગરજી મહારાજ સુખી, સહજ અને સમૃદ્ધ જીવનનો રહસ્ય પ્રકટ કરતા કહે છે કે જીવનમાં બેકારની બાબતો તો જાતે મળી જાય છે જયારે શ્રેષ્ઠની ઉપલબધિ માટે અથાગ પ્રયાસો કરવા પડે છે અને વિવેકને જાગૃત રાખવું પડે છે.

આજે સન્મતિ સમવશરણમાં મુનિરાજ મુદિતસાગરજી અને આર્યિકા માતાજીનો કેશલોંચ ચાલતો હતો ત્યારે ગુરુદેવે કહ્યું સાધુ બનવું સરળ પણ આવું આચરણ કઠિન



છે. એવા સંતો વિવેક સાથે આ ચર્યાને અનુસરી શરીર સાથે પણ મમત્વ ત્યાગનો અદ્ભુત અને પવિત્ર આદર્શ સ્થાપિત કરે છે.

સારા અને ખરાબ ભાવો અને તેનું ઘણીક બારમાં થતું પરિવર્તન, આવાગમન, ઉત્થાન-પતન અને તેના પરિણામોને અનુલક્ષી એક પ્રેરક કથા આર્યિકા સૂત્રમતિ માતાજીએ અંગારક સ્વર્ણકારના ચરિત્ર ઉપરથી કહી જેને સારો મેળવવા માટે ચારણ ઋદ્ધિધારી મુનિના દર્શનનો નિમિત્ત મળ્યો અને આહારના શુભ ભાવો થયા. આહાર પછી ઘરમાં કિંમતી રત્ન ચોરાઈ જવાની જાણ થતાં કેટલાયં ખરાબ ભાવો, કોઈ પણ પુરુષાર્થ આપોઆપ પ્રકટ થઈ ગયા. તે શકમાં ક્રોધિત થઈ જંગલમાં ધ્યાનસ્થ મુનિરાજ પર ડડો ફેકીને મારે છે જે વૃક્ષ ઉપર બેઠેલા મોરના ગળામાં વાગે છે અને તેના કંઠમાંથી તે રત્ન નિકળીને જમીન ઉપર પડી જાય છે. પછી હકીકતનું ભાન થતા પશ્ચાપ થાય છે.

# જિલ્લામાંથી સ્વાઈન ફલુના વધુ ૨ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ બે કેસ મળવા સાથે જિલ્લામાં આ કેસોની સંખ્યા ૪૬ પર પહોંચી છે. મળેલા બે કેસોમાં એક મહિલા દર્દી હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ તાલુકાના કડાદરા પી.એચ.સી.માંથી એક કેસ મળી આવેલ છે. જયારે બીજો કેસ માણસા તાલુકાના રિદ્રોલમાંથી મળેલ છે. જોકે આ મહિલા દર્દી સરઢવના ગાંધીનગર ખાતે રહેતા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં મળેલા આ બે કેસો સાથે જિલ્લાના સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૪૬ પર પહોંચી છે. આ રોગને કારણે ૭ દર્દીના મોત નીપજ્યા છે. જયારે ૨૧ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ૧૨ દર્દી સારવાર હેઠળ છે.


